# "જીભને અડાડો તાળવે ભણ્યા વગર નહિ પાલવે..."

## પેથાપુરના નિકુલને તાળવાનું સફળ ઓપરેશન બાદ વાણી ફૂટતાં સર્વ શિક્ષા અભિયાનના રિસોર્સ સેન્ટરમાં આનંદ ભયો

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૧૩

પડકાર અને પરિશ્રમના મિલનથી અદ્‌ભુત સફળતા પ્રાપ્ત થતી હોય છે. આ સોશ્યલ મિડિયા પર





વાંચેલુ વાક્ય નથી પણ વાસ્તવિક સાકાર થતી ઘટના છે.

ગાંધીનગર શહેરથી પાંચ કિ.મી.ના અંતરે આવેલ પેથાપુર ગામના સુરેલા પરામાં રહેતા રાવલ નીકુલ બળદેવભાઈની વાત છે. અંદાજે ૧૪ વર્ષની આયુ ધરાવતો આ બાળક પર તાજેતરમાં સર્વ શિક્ષા અભિયાનમાં દિવ્યાંગ બાળકોના સંકલિત શિક્ષણ યોજના અંતર્ગત સફળ શસ્ત્રક્રિયા બાદ તેને વાણી મળી છે.



વાત નિકુલની કરીએ તો અન્ડરવેઈટ જન્મજાત આ બાળક ગુંગળુ બોલતો. શાળાએ મુક્યો ભણવામાં નબળો જરૂર પણ તે જે કંઈ બોલે તેની શિક્ષકને પણ સમજ પડે નહિ અને નો ડિટેક્શન અંતર્ગત ૮મા ધોરણ સુધી તે પહોંચી ગયો.

સાતમા ધોરણમાં ભણતો હતો ત્યારે રિસોર્સ ટીચર વસુબેન બી. જોષીના ધ્યાને આ વાત આવી હતી. તેમણે બાળકને ઓળખ્યો તેના માત-પિતાને મળ્યા. એક વર્ષ સુધીની અથાક મહેનત પછી બાળકને માટે શસ્ત્રક્રિયા જરૂરી છે તેમ સમજાવવામાં સફળતા મેળવી.

વસુબેન અને જિલ્લા કોર્ડીનેટર પ્રતિમાબેન જાદવ, બી.આર.સી. રાજુભાઈ, આઈડી યુનિટની ટીમે આ પડકારને ઉપાડી લીધો. મા-બાપને સમજાવવાની સફળતા બાદ અમદાવાદ પોલિયો ફાઉન્ડેશનમાં બાળકનું મેપીંગ કરાયું. ખબર પડી કે તાળવુ નથી અને તાળવુ નથી એટલે તે બોલી શકતો નથી.

ટીમે સંતુ રંગીલી ફિલ્મનું ગીત યાદ રાખ્યુ અને નક્કી કર્યુ 'જીભને અડાડો તાળવે ભણ્યા વગર નહિ પાલવે...' બસ પછી તો ડૉકટરો સાથે બેઠકો ને સિલસિલો એજ બેઠકને અંતે નીકુલના તાળવાનું ઓપરેશન કરી પ્લાસ્ટીક સર્જરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

આ ૩ા કલાકના સફળ ઓપરેશનને ડૉ. ઋત્વીક પરીખ અને ડૉ. રાજેન્દ્ર શાહની ટીમે અંજામ આપ્યો. ઓગષ્ટ માસ એટલે ક્રાન્તિનો મહિનો કહેવાય સમગ્ર

● અનુસંધાન પાન-૭ પર

## જીભને અડાડો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટીમે આ ક્રાંતિ કરી અને હાલ નિકુલ સ્પીચ થેરાપીસ્ટ પાસે તાલિમ હેઠળ છે. વસુબેને ઉપાડેલા પડકાર અને ટીમના પરિશ્રમથી ગરીબ પરિવારનું બાળક ૧૪ વર્ષની વયે બોલતુ થયુ. હાલ તે સ્પષ્ટ ઉચ્ચારનો આગ્રહી બન્યો છે. વસુબેને જણાવ્યુ હતુ કે નિકુલને દોડવાનું ખુબ પસંદ છે તે સારો દોડવીર છે તેનો શોખ વિકસાવવામાં આવશે. આ ઉપરાંત બાળકને શિક્ષણના ઉપચારાત્મક વર્ગમાં અભ્યાસ કરાવી શિક્ષણના પ્રવાહ સાથે સાંકળવાનો આગ્રહ છે. તેના માતા-પિતા અભ્યાસ વિહોણા અને મહેનતુ પરિવાર છે. સામાન્ય નોકરી દ્વારા પેટીયુ રળતુ આ પરિવાર શિક્ષણના જલતા આ દિપકમાં તેલ બનીને વધુ પ્રજવલિત બનાવવા તૈયાર છે.

બી.આર.સી. રાજુભાઈ અને જિલ્લા કોર્ડીનેટર પ્રતિમાબેને જણાવ્યુ હતું કે ૬૧૦ જેટલા બાળકો ગાંધીનગર તાલુકામાં વિવિધ વિકલાંગતા ધરાવે છે. માનસિક રીતે નબળાઈ ધરાવતા બાળકોની સંખ્યા મોટી છે પણ અમારી ટીમ મહેનત કરી આ બાળકને શિક્ષણના મુખ્યપ્રવાહ સાથે સંકલિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.

વસુબેને જણાવ્યુ કે નિકુલનું ઓપરેશન રિસ્કી હતુ પરંતુ માતા-પિતાને અમારી ટીમે હૂંફ આપી અને તે આજે સફળતાની સીડી પર આવી પહોંચ્યો છે. સારૂ કર્યાનું સંતોષ મને અને અમારી ટીમને છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. રાઠોડે અમને સતત હૂંફ આપી છે એટલુ જ નહિ પણ આ પડકારને પહોંચવા પ્રેરણારૂપ માર્ગદર્શન આપ્યુ છે. સર્વ શિક્ષા ભિયાનના જિજ્ઞેશભાઈ, સંજયભાઈ સૌએ સાચા અર્થમાં સહકાર આપ્યો છે. દિવ્યાંગ બાળકોના સંકલિત શિક્ષણ માટે નવા સાધનો, નવી કીટ અને અદ્યતન સુવિધાઓ તેમને પુરી પાડી છે. વસુબેન અને પ્રતિમાબેન જાદવે કહ્યુ કે અમારો મંત્ર છે કે "આઓ હમસબ મિલકર દીપ જલાએ જહાં આ જ ભી અંધેરા હૈ"